શ્રી આલવંશી

॥ હરિવંશ ॥



– પ્રકાશક –

કાકા શ્રી ગોરધનભાઈ નગીનદાસ
ધી આઠીયા ટ્રસ્ટ સમસ્ત પંચ કમિટી
ઈ / ૭૫૪ – પીરાણા.

શ્રી આલવંશી

।। હરિવંશ ।।



- પ્રકાશક -

કાકા શ્રી ગોરધનભાઈ નગીનદાસ
ધી આઠીયા ટ્રસ્ટ સમસ્ત પંચ કમિટી
ઈ / ૭૫૪ - પીરાણા.

પરમ પૂજ્ય શ્રી કાકા સાહેબશ્રી

હરગોવિંદદાસ લખાભાઈના

સ્મરણાર્થે

શ્રી મોહનભાઈ લલ્લુભાઈ પટેલ

તથા

શ્રી પ્રવિણચંદ્ર હરગોવિંદદાસ પટેલ

ના સૌજન્યથી સપ્રેમ ભેટ



મુ. પો. ભગવાનપુરા તા. મહુવા

જી. સુરત પી. નં. ૩૯૪૨૪૦

-: પ્રગતિના પંથે :-

ધી આઠિયા ટ્રસ્ટ સમસ્ત પંચ કમીટી, ઈ. ૭૫૪ પીરાણા સંચાલિત માનવ કલ્યાણ પ્રવૃત્તિઓ જેમાં સતપંથ ધર્મ પ્રચાર શૈક્ષણિક વિકાસ – નેત્રયજ્ઞ આયોજન – અન્નક્ષેત્ર તથા ધર્માદા દવાખાનું જેમા ટ્રસ્ટ તરફથી માનદ્ ડૉકટર મનોજકુમાર પંડયા માનદ્ સેવા આપે છે. આ સઘળી કલ્યાણ પ્રવૃત્તિઓનો વિશાળ જનસમુદાય લાભ લે છે. આ સઘળા કાર્યોમાં દેશમાં તથા પરદેશમાં વસતા સત્સંગીજનોનો અભૂતપૂર્વ સહકાર મળી રહેલ છે જે આનંદની વાત છે. સહકારની આશા સાથે.

અંબાલાલ એલ. પંડયા
જનરલ મેનેજર

પીરાણા



ભગવાન શ્રી મત્સ્ય અવતાર



ભગવાન શ્રી કચ્છ અવતાર



ભગવાન શ્રી વરાહ અવતાર



ભગવાન શ્રી નૃસિંહ અવતાર



ભગવાન શ્રી વામન અવતાર



ભગવાન શ્રી ફરશુરામ અવતાર



ભગવાન શ્રી રામચંદ્ર અવતાર



ભગવાન શ્રી કૃષ્ણ અવતાર



ભગવાન શ્રી બુદ્ધ અવતાર



ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ

ॐ

શ્રી હરિવંશ આલ ગાયત્રી

કર્તાયુગ

મચ્છ ભગવાનનો (૪૦મો) અવતાર થયો - શંખાસુરને માર્યો- દેવસેવા માટે સોનાના વાસણો-વ્રત-એકાદશી-રવિવાર. ભક્તો :- સુરીનર-મુનિવર-ગુણી ગાંધર્વ- જાખા-મેઘા-કીન્નરનેતાર્યાઃ હાથીનું દાન - પિતા પ્રેમઋષી - માતા શંખાવતી. ઋગ્વેદ મનાઈક - અથોમીત્ર - અજમેરૂ - વછાઈક બૃહસ્પતિ - પાલંત્ર - પદ્મનાભ ઉર્ફે ત્રિકમઋષિ

કૂર્મ (કાચબાનો) અવતાર (૪૮મો) કશ્યપઋષિ પિતા ત્રિકમઋષિ/માતાઃકમળાવતી. શક્તિ - વિજ્યાદેવી - બહુચરાદેવી. વ્રત નિર્જળા એકાદશી. દેવસેવાના વાસણો સોનાના : વેદ ઋગ્વેદ. મધુકંટકને માર્યો - ૧૪ રત્નો સમુદ્ર મંથન કરી કાઢ્યા (૧) લક્ષ્મીજી (૨) ધનવન્તરી વેદ (૩) રંભા (૪) સારંગ ધનુષ્ય (૫) સાતમુખો ઐરાવત હાથી (૬) સપ્ત મુખનો ઘોડો (૭) અર્ધચંદ્ર (૮) વિષ (ઝહેર) (૯) સુરાદારૂ (૧૦) કૌસ્તુભ મણી (૧૧) પારિજાતક (૧૨) વૈજંતીમાળા (૧૩) કામધેનુ ગાય (૧૪) અમૃત.

વંશીએત - એકાંતઋષિ - પ્રજાપતિ - કરદમઋષિ - ઉગ્રસેન - સંખાઈત પૃથ્વીબિંબ - દાલભઋષી.

વરાહ (સુવરરૂપ) (૫૭મો) અવતાર માતા પદ્માવતી -

પિતા દાલભઋષિ - શક્તિ વિજ્યાદેવી - સોમીયાદેવી - બાહુકાદેવી - અંબિકાદેવી. દેવસેવાના સોનાના વાસણ. ઋગ્વેદ - ભક્ત ધ્રુવજીને તાર્યા. મોરૂદાનવને માર્યા - મોર જેવો ભેકાસુર પાટણમાં રહેતો હતો. ક્ષત્રીય વંશીએત નરખલપતિ અહુચરણ - ગૌત્તમ હિરણાકશ્યપ.

નરસિંહ (નૃસિંહ) (૬૪મો) અવતાર - માતા - ચંદ્રાવતી : પિતા હિરણ્યકશ્યપ - શક્તિ - સોમીયાદેવી - તુલજાભવાની : વ્રત એકાદશી - રવિવાર. દાન - કુંજરદાન - દેવસેવાના વાસણો સોનાના. ઋગ્વેદ. હિરણ્યાકશ્યપને સંધ્યાકાળે નખથી માર્યો : કર્તાયુગ અથવા સતયુગ - મચ્છ - કૂર્મ - વરાહ - નરસિંહ ચાર અવતાર થયા - વેદ ઋગ્વેદ - વસ્ત્રો લાલરંગના. સેવા પૂજાના વાસણ સોનાના - દાન હાથી (કુંજર)નું - દેવસેવા (પૂંજા) ઉત્તર દીશાએ મુખ રાખી બેસીને કરતા.

ત્રેતાયુગ

૬૫મો - કેશવ - રૂપક - વંશવર્ધન પ્રેહલોચન - સૂખાવંત - પ્રતિપાળ, કશ્યપઋષિઃ

વામન : (બટુકરૂપ) (૭૨મો) અવતાર : માતા લીલાવતી. પિતા કશ્યપ ઋષિ. શક્તીકોકીલાદેવી - કોયલાદેવી - વેદઃ યજુર્વેદ. ધનુર્વેદ. દાન અશ્વ દાન. દેવસેવા (પુંજના) વાસણો ચાંદીના. પીળાં વસ્ત્રો - પૂર્વદિશામાં મુખ રાખી દેવસેવા કરતાઃ વ્રત ચૌદશ મંગળવાર અનંત ચૌદશઃ ભક્ત- અમલરોહો - બીજુંનામ રોહોગુણ રાજાઃ

બલીરાજાને પાતાળે ચાંપી ત્યાંનું રાજ્ય આપ્યુંઃ

બલીરાજાને ત્યાં જતાં - બટુકરૂપ જોઈ કોકીલાએ ઉસંગે લીધા. ત્યારે વામન ભગવાને કોકીલામાં આલ મુકી. તે વાતની નારદજીએ દેવોને જાણ કરી. દેવોએ કોકીલા શક્તિનું નવ દીવસ તપ કર્યું તે નવરાત્રી થઈ. દસમે દિવસે દર્શન કરાવ્યું. માટે વિજ્યા દસમી (દશેરા) થઇઃ કારતક સુદ પાંચમ શ્રી મેરૂ ભગવાન જન્મ્યા. માટે લાભપાંચમ થઈઃ વામન ભગવાન અષાડ સુદ અગિયારશથી કારતક સુદ ૧૧ સુધી પાતાળમાં બળી રાજાને ત્યાં રહ્યાઃ માટે આ ચાર માસમાં કંઈ પણ શુભ કામ થતા નથી. આ ચાર માસનું ધર્મ, દાન, પુન્ય. બલીરાજાને આભારી છે. કારતક સુદ અગીયારશે દેવ ઉઠ્યા માટે દેવ ઉઠી અગીયારસ થઈ. કારતક સુદ ૧૫ મેરૂ ભગવાનના દેવોને દર્શન કરાવ્યા. માટે દેવ દીવાળી થઈઃ મેરૂરૂપી (૭૩મો) અવતાર એ પુત્ર માટે યજ્ઞ કરાવ્યો અંતરીક્ષમાં અપ્સરા જવાથી સ્ખલીત થયા. તે વિર્ય રાણીને આપ્યું. તે પ્યાલામાં મુક્યું હતું. તે પાણી નોકરે રાજાને ભુલથી આપ્યું. તે રાજાના પેટમાં ગર્ભ રહ્યો. તે પેટ ચીરીને કાઢ્યા. નામ માનધાતાઃ

શ્રી માનધાતા (૭૪મો) અવતાર પિતાના ગર્ભે પ્રગટ્યા માતાને ન ધાવ્યા માટે માનધાતા. પૃથ્વીએ ખેતી નામ ધારણ કર્યું. તે ખેતીને માનધાતા પરણ્યા. શ્રી અદ્રુચરણ (૭૫મો) અવતાર રૂપવંતીને પરણ્યાઃ

શ્રી અજાગત (૭૬મો) અવતાર રાજ બરાબર ન ચલાવ્યું. પ્રધાને પ્રજાને બહુ દુઃખ દીધું. રાજા મરજો એવો ઋષિઓએ શ્રાપ આપ્યો. સુપરંગના સાથે વિવાહ નક્કી

કરેલો. મરણ પામેલા રાજા સાથે મૈથુન કર્યું: ડાબા બાજુથી પુત્ર પ્રગટ થયો. પણ રાજ લાયક ન હોવાથી વનના ભીલોનો રાજા કરાવ્યો. ફરી દેવોના વચનથી જમણી બાજુ અંગ રાખી મૈથુન કરાવ્યું. સતરૂપિ લોચનનો જન્મ થયો. પછી શબનું તેજ જતું રહ્યું. શ્રી સતરૂપિ લોચન: (૭૭મો) અવતાર શબ મૈથુનથી જન્મ્યા. ચરઋષિની અર્થસલાને પરણ્યા. બીજું લગ્ન વરતાઋષિની પુત્રી સાથે વનમાં ગાંધર્વવિવાહ કર્યો. તેનાથી પુત્ર ગૌત્તમ થયા. **હરીવંશ વનમાં ગયો.**

શ્રી ગૌત્તમ ચવનઋષિ (૭૮મો) અવતાર ૮૫૦૦૦ વરસનું તપ કર્યું. ગૌત્તમ ઋષિના વનમાં ગાંધારરાજાની પુત્રીએ રમતાં રમતાં ઋષિની આંખોમાં સુળો ખોસી. તે ચંદ્રકાન્તાને ગાંધારરાજાએ ગૌત્તમઋષિ સાથે પરણાવી. દેવોના વેદ અશ્વની કુમારોએ દેવને આપ્યા. રાજા પાસે યજ્ઞ કરાવ્યો. ચરુ બનાવ્યા. તે માતા ચંદ્રકાન્તાનો ચરુ બદલાઈ ગયો. જેથી રાજાને પુત્ર થયો. તે વિશ્વામિત્ર અને ગૌત્તમઋષિનો પુત્ર ચંદ્રકાન્તાથી થયા તે. જમદગની જેથી ગાંધારરાજાના-બે સંતાન પુત્ર વિશ્વામિત્ર અને પુત્રી ચંદ્રકાન્તા. અને ચંદ્રકાન્તાના જમદગની. જેથી વિશ્વામિત્ર અને જમદગની મામા ભાણેજ થાય.

શ્રી જમદગનીઋષિ ઉર્ફે જવલણઋષિ. (૭૯મો) અવતાર ૮૫૦૦૦ વર્ષનું તપ કર્યું. રેણુંક રાજાની પુત્રી રેણુંકાવતીને પરણ્યા. મેણુંકા સહસ્ત્રાર્જુનને પરણાવી. બન્ને સાઢુ ભાઈ થાય. કામદુર્ગા ગાય જમદગની લાવ્યા.

શ્રી ફરસુરામ - ભાર્ગવરામ (૮૦મો) અવતાર -

ફરસુરામની માતા રેણુંકા - પિતા જમદગની. શક્તિ તુળજાભવાની - કાલકાભવાની. ઈંદુમતિ આદ્યશક્તિ. વ્રત મંગળવારી ચૌદશ. અનંત ચૌદશ. સહસ્ત્રાર્જુનને માર્યો. પોષ વદ ૮ને મંગળવારેઃ વેદ યજુર્વેદ. દાન અશ્વદાન. દેવસેવા પુજાના રૂપાના વાસણો. વસ્ત્ર પીળારંગના. પૂર્વ દિશાએ મુખ રાખી પૂજા કરતા. ફરસુરામે ૨૦ વાર પૃથ્વી નક્ષત્રી કરી હતી. ૧ વાર બાકી છે. બે ક્ષત્રીય રાખ્યા હતા.

રાજા જનકવિદેહી - દશરથ રાજા = બેઉ રાજા વાંઝીઆ હતા.

અહીંથી હરીવંશ સૂર્યવંશી ક્ષત્રિયમાં ગયો

રઘુરાજા - નઘુરાજા - જજાઈત - કેવળીક - સુરીજન - સજાઈત - અજરાજા મળસ્કે બ્રહ્માની વેળાએ જન્મ્યા. માટે અજનામ પાડ્યું. સુદક્ષણાને પંરણ્યા. પાસે ચરુ બનાવ્યો તેના દશરથરાજા જન્મ્યા.

દશરથ. દશ હજાર હાથીનું બળ હતું. કૌશલ્યા-કૈકેયી-સુમિત્રા અને બીજી ચૌદ હજાર રાણી હતી. પૃથ્વી જીત્યા પણ અપુત્રવાન હતા. એકલશ્રૃંગી ઋષિએ યજ્ઞ કરાવ્યો. બેચરુ બનાવ્યા. રાણીને આપ્યા. રામ - ભરત - લક્ષ્મણ - શત્રુઘ્ન ચાર પુત્રો થયા. શ્રવણને ઉધાર્યો એના પિતા સંતુરૂષિ- માતા જ્ઞાનવતી.

શ્રી રામચંદ્રજી (૮૯મો) અવતાર માતા કૌશલ્યા. પિતા દશરથ. ગુરૂ વશિષ્ઠ. સ્થાનક અયોધ્યા - ક્ષેત્ર લંકાપુરી - ચૈત્ર સુદ નોમનેદીવસે જન્મ - રામનવમી થઈ. જાપ. ૐ નમો ભગવતે રઘુવંશી દશરથી રામને નમઃ દૈત્યઃ રાવણ-

ગૌતમઋષિ અને અહલ્યાની પુત્રી. 'અંજની ને ગૌતમઋષિએ શ્રાપ આપેલો. તને કુંવારીકાને પુત્ર થશે. વિષ્ણુએ ભસ્માસુરને મોહીની રૂપ ધરીને બાળ્યો. એ મોહીની રૂપ શિવજીએ જોવા માગ્યું. તે વિષ્ણુએ મોહીની રૂપ ધારણ કર્યું. તે જોઈ શિવજી મોહિત થયા. વીર્ય ખલીત થયું તે પવને અંજનીને આપ્યું તેના હનુમાનજી થયા.

આઠમા પાતાળ રમણદ્વીપમાં વિષ્ણુ પોઢી રહ્યા હતા. તેના શ્વાસો શ્વાસથી ૧૪ તલક સ્થિર છે. ત્યાં લક્ષ્મીમાતા મહાવિષ્ણુની સેવામાં છે. સાથે નવદુર્ગા અને નવ કરોડ જોગણી માતાઓ રહેતી હતી.

રાવણ જીતતો જીતતો રમણદ્વીપમાં ગયો. ત્યાં લક્ષ્મીમાતાનો હાથ ઝાલ્યો. એટલે **સીતા** રૂપે અવતાર લઈને આવ્યા. અને તપ કરી પાછા ગયા. એટલે ધરતી માતામાં સમાઈ ગયા.

રામના – લવ અને કુશ – પુત્રો થયા. –

લવને લખનૌનું રાજ આપ્યું. કુશને કાશ્મીરનું રાજ આપ્યું – **પુલસ્તિઋષિને ત્રણ પત્ની હતી. બ્રાહ્મણ કુળના હતા.**

(૧) જક્ષણીના કુબેર (૨) કઈકસીના રાવણ - કુંભકર્ણ - વિભિષણ. (૩) રાક્ષસીના - ખેણું - દુખેણું - તીસશ. સુર્પણખા. મયદાનવને ૩ પુત્રી (૧) મંદોદરી રાવણને પરણાવી. (૨) સુનેત્રા - કુંભકર્ણને પરણાવી (૩) માલણી વિભિક્ષણને પરણાવી– વિભિક્ષણ પહેલા અવતારે સુતળ પાતાળમાં ગૃણકાનો પુત્ર હતો તેને પ્રભુએ વર આપ્યો હતો.

કુંભકર્ણ - જાગે ત્યારે ૧૦૦ ભાર રાંધેલું અનાજ અને

જેને દેખે તેને ખાય - વરૂણ વરસીને પાણી પાતા- યજ્ઞમાં સીતાજીની મુર્તિ ગોઠવેલી તે કૃષ્ણ અવતારે રાધિકા થઈ. તે મુર્તી બ્રાહ્મણો એ કકડા કરી કકડા વહેંચી લીધા. તે કૃષ્ણ અવતારે ૧૬,૧૦૦ રાણીઓ થઈ.

લક્ષ્મણજી શેષ નાગનો અવતાર. સુમિત્રા માતા પાસે વનમાં જવા આજ્ઞા માગવા ગયા ત્યારે સુમિત્રાએ કહ્યું: તારાથી પૃથ્વીનો ભાર ખમાતો નથી એટલે તારે વનમાં જવું છે.

સુસેન ધનવંતી - જાંબુવાન બ્રહ્મા.

સુગ્રીવ હનુમાન અંગદ નળ સુદર્શન નીલ સંખ સુરજ શીવ ઈંદ્ર અગ્નિ શત્રુઘ્ન વાયુ ભરત. જે ધોબીએ સીતાજીને મહેણું મારેલું તેણે કૃષ્ણ અવતારે ધોબી થઈને બધા ગોવાળને કપડાં પહેરાવ્યાં હતા. જે વાલીને રામે બાણ મારેલું તે કૃષ્ણ અવતારે પારધી થઇ કૃષ્ણના પગ નીચે પદમમાં બાણ મારેલું:

ભક્તો તાર્યા	રોહોગુણરાજાસાથે	કમલરોહોસાથે	હરિશ્ચંદ્રસાથે
	૧૨,૫૦,૦૦૦	૨૩,૩૩,૩૩૩૩	૩૪,૧૬૬૬૬૭

દ્વાપર યુગ

સામવેદ = કાળોરંગ = દક્ષિણ દીશાએ મુખ રાખી પુજા કરતા.

શ્રી લવ (૯૦મો) અવતાર લખનૌનું રાજ્ય પદમલોચનાને પદ્મલોચન પરણ્યા.

શ્રી પદમ - (૯૧મો) અવતાર ધેમરકળાને પરણ્યા. એક અપ્સરા આકાશ માર્ગે જતી હતી તેનું તેજ જોવાથી વીર્ય ખલીત થયું તે કમળ ફુલમાં મૂક્યું. તે ફુલ શર્મિષ્ઠાએ સુંઘ્યું.

તેનો ગર્ભ રહ્યો. તેના યદુ - એને શ્રાપ મળેલો - વૃદ્ધ થજો. યદુ ભગવાને પોતાની જુવાની આપી. તે યદુરાજા ચંદ્રવંશી રાજા હતા. તે જજાઈત રાજા હતા. એટલે ચંદ્રવંશી જજાઈતના પુત્ર કહેવાયા.

હરિવંશ અહીંથી ચંદ્રવંશીમાં ગયો.

શ્રી યદુ ઉર્ફે પરિક્ષિત. જદુ ભરત (૯૨મો) અવતાર.

માતા શર્મિષ્ઠા - જજાઈતના પાલક પુત્ર થયા-સુરસેનાને પરણાવ્યા - હસ્તીના પુરમાં રાજ કર્યું. સુરસેનાથી - વિરપાળનો જન્મ થયો. બીજી રાણી - સિંધુરાજાની પુત્રીથી - સાંતનુરાજા થયા. બ્રહ્મઋષિનું વીર્ય પારેવ એટલે કબુતરે પીધું તેના પારાસુર બ્રહ્માનો અવતાર થયા. અને નદીમાં થોડું વીર્ય પડ્યું તે માછલીએ ગળ્યું તેની મચ્છ ગંધા થઈ. બંન્ને ભાઇ બહેન થાય. તેનાથી વ્યાસજી અને સુખદેવ. શાન્તનુરાજાનું હસ્તીનાપુરનું રાજ્ય. ગંગાને પરણ્યા. પાંડવની ઉત્પત્તી થઈ. ગંગાના પુત્ર ભીષ્મપિતા - મચ્છગંધા સત્યવતીના.

ચિત્રઃ અંબાલીકા સાથે પરણ્યા તેના પાંડુરાજા પાંડવ થયા.

વિચિત્રઃ અંબિકાને પરણ્યા તેના ધૃતરાષ્ટ્ર કૌરવો થયા.

દાસીના : વિદુર યમરાજાનો અવતાર પણ શ્રાપથી દાસી પુત્ર થયા.

૯૩ વિરપાળ - મનોરમાને પરણ્યા - ૩ સંતાન

શની		વસુદેવ	કુંતાજી ઉર્ફે પૃથા
ંગ્રસેન	દેવકરની સાત પુત્રી	નાના હોવાથી	કુંતી ભોજરાજાને
ાંચપુત્રો	પુરવી-રોહીણી	રાજ્ય મળ્યું નહી	એ પુત્રી આપી માટે
ંશ-કુસલ	ભદ્રા-મદીરા	જેથી ગોકુળમાંજઈને	કુંતાજી નામ પડ્યું
ુખકર-	લોચના - ઈડા	રહ્યા અને નંદ સાથે	
ારવજીત	દેવકી-સાતેય	મીત્ર બન્યા.	
ામાર	પુત્રી વસુદેવને		
	પરણાવી.		

(૯૪મો) અવતાર શ્રી વસુદેવનો જન્મ થયો ત્યારે સ્વર્ગમાં વાજાં વાગ્યા. દેવક જાદવની સાતેય પુત્રીને પરણ્યા. ૪૦ વરસ કેદમાં રહ્યા. છ પુત્રો કંસરાજાએ માર્યા. સાતમો ગર્ભ રોહીણીની કુખમાં મુક્યો. આઠમા શ્રી કૃષ્ણ.

વસુદેવ

બલભદ્ર	શ્રીકૃષ્ણ	સુભદ્રાજી
દેવકી અને રોહીણી	વાસુદેવ	
બે માતા		
શેષનાગનો અવતાર		

શ્રી કૃષ્ણ-વાસુદેવ-કાનજી (૯૫મો) અવતાર

માતા દેવકી - પિતા વસુદેવ - સ્થાનક ગોકુળ ક્ષેત્ર મથુરા. જન્મ શ્રાવણ વદ ૮ ને બુધવારે મધ્ય રાત્રીએ. ગોકુળમાં મુક્યા. સવારે ગોકુળમાં પુત્ર વધાઈ નંદ ને ઘેર થઈ

માટે ગોકુળ અષ્ટમી થઈ.

જાપ: ૐ નમો ભગવતે વાસુદેવાય નમ:

શામવેદ - કાળોરંગ - દક્ષિણ દીશામાં મુખ રાખ દેવપૂજા કરતા.

વ્રતઃ- સોમવતી અમાસ :- કંશ અને બીજા દૈત્યો માર્યા

ભક્તો :- ઓધવ - અકરૂડ - સુદામા - વિદુર - જયદે - લીલધ્વજ - ભીષ્મ.

સગળસા - પાંડવ - સાથે ૪૦૦૦ જીવ છુટ્યા. ૩૨ બીજા ભક્તો અગીઆર લાખ ૨૩ હજાર ૪૨૮ ભક્તોથી ન કરોડ છુટ્યા.

કૃષ્ણ ભગવાનની આઠ પટરાણી - (૧) રૂક્ષ્મણી ભીમકની પુત્રી (૨) સત્યભામા સ્ત્રાજીતની દોહીત્ર (૩) રોહીણી જાંબુવાન રીંછની પુત્રી- (૪) સત્યા. ગંધારદેશના રાજા નગ્નજીતની પુત્રી (૫) મીત્રવંદા ઉજૈનનારાજાની પુત્રી (૬) સતકુંવરી. કૌશલાદેશના રાજાની પુત્રી (૭) કાલીંદ સુર્યપુત્રી જમનામાં રહેતી હતી. (૮) કૈકદેશ ભદ્રદેશની. ભદ્રા. રાણીઓ તથા રામા અવતારે સોનાની સીતા બ્રાહ્મણોને દાનમાં આપેલી તેના ૧૬૧૦૦ કકડા કરી વહેંચાયેલી તેની ૧૬૧૦૦ કન્યા થઇ તેને વર્યા તે બધી રાણીઓ થઈ કુલ્લે ૧૬૧૦૮ રાણીઓ થઈ. વળી બદ્રીકેદારેશ્વર તપ કર્યું ત્યારે ઈન્દ્રએ ૮૦૫૦ અપ્સરા મોકલેલી તેને વાયદો કર્યો હતો. તે મેળ પણ આ અવતારે મેળવ્યો.

ઘરમરાજાની પત્ની મુર્તીદેવીના ગર્ભથી નર-નારાયણ

રૂપે પ્રગટ થઈ બદ્રીવન હિમાલયમાં તપ કર્યું એટલે ત્યાં બદ્રીકેદારેશ્વર તિર્થ બન્યું. ત્યાં સત્ય ચાલે છે. ક્રોધને જીતીને તપ કરનાર મુનિ બને છે.

બહારવન :- મધુવન - મોહવન - વૃંદાવન - તાલવન - નાદીરવન - બેલવન - ભદ્રવન - કુમુદવન - ભાંડીરવન - લોહવન - બહુલવન - કામવન.

ગરકાચાર્ય :- જાદવના ગોર હતા. નંદે નામ પડાવ્યા.

બળદેવ :- હળ રમતા હતા એટલે બલરાજા કહેવાયા.

શ્રી કૃષ્ણ નંદના ઘેર આવવાનું કારણ :-

રામા અવતારે ફરતા ફરતા સીતાની શોધમાં ભરવાડને સંતાન ન હતું તેને ત્યાં ગયાં. ત્યાં દુધની માગણી કરી. ભરવાડે વાંસમાં દુધ આપ્યું. તે પીધા પછી કંઈક માગવા કહ્યું. ભરવાડે કહ્યું તમારા જેવો પુત્ર મને આપો. તે કૃષ્ણ અવતારે કહ્યું. તે કૃષ્ણ અવતારે નંદરૂપે ભરવાડ થાય. ત્યાં કૃષ્ણ મોટા થયા. વાસમાં દુધ પીધું તેની બંસરી બની. મોર હતો ત્યાં તેના પીંછાં મુગટમાંમુક્યા. ગાયનું દુધ પીધું તે નંદને ઘેર ગાયો ચારી. આ પ્રમાણે કૃષ્ણ અવતારે કામ કીધું.

પાંચ પાંડવો તથા શ્રી કૃષ્ણ અને કૃષ્ણના સેનાપતિ સાત્યકી પાંડવ પક્ષે સાત જણા બચેલા - કૌરવદળમાં - કૃપાચાર્ય - કૃતવર્મા - અશ્વસ્થામા ત્રણ જણા બચેલા.

હરણ્યાકશ્યપના પ્રહલ્લાદ ના વિરોચનનાં બલીરાજાની એક સ્ત્રીના સહેસ્ત્રા અર્જુન જેને પરસુરામે માર્યા (સાઢુભાઈ) બીજી સ્ત્રીના બાણાસુર તેની છોકરી ઓખાને અનીરૂદ્ધ

પરણ્યા. એના હાથ કૃષ્ણે ઉતાર્યા

કૃષ્ણા અવતારે શ્રીકૃષ્ણ પ્રદ્યુમન અને અનિરૂદ્ધ ત્રણ ઉઠ્યા. ૯૬. શ્રી પ્રદ્યુમન (૯૬મો) કામદેવનો અવતાર. રતી રૂકમતી જે સંભરાસુરને ત્યાં રાંધતી હતી. તેને પરણ્યો સંભરાસુરે પ્રદ્યુમનને સમુદ્રમાં નાંખ્યો. તેને મચ્છે ગળ્યા. મચ્છ ઢીમરે સંભરાસુરને આપ્યો. તેને રસોડામાં ચીરતા પ્રદ્યુમન નીકળ્યા. શીવજીએ અગાઉ કામદેવને બાળેલો રતીને વરદાન આપેલું તે જોગ મલ્યો. ૯૭: શ્રી અનીરૂદ્ધ પરિક્ષિત બ્રહ્માનો અવતાર વિપ્રવર્ધન.

બાણાસુરની પુત્રી ઓખાને સ્વપ્નામાં પરણ્યા ચિત્રલેખા દ્વારકાથી પલંગ સહીત શોણીતપુર હરણ કરી ગઈ. રસ્તામાં ગાંધર્વ વિવાહ કર્યા. ચિત્રલેખા બાણાસુરના પ્રધાનની પુત્રી હતી. સરસ્વતીનો અવતાર. મચ્છ અવતારે બ્રહ્માજી સરસ્વતી પાછળ દોડ્યા. દ્વાપર વારે છુટ્યા - પિતા પુત્રીનું જગત જોડું કહેવાયું તે જોગ અહીં મલ્યો.

ઓખાના પુત્ર બિંદ થયા.. તે રૂકમૈયાની પુત્રી આરૂવંતીને પરણ્યા.

ચિત્રલેખામાં રસ્તે આલ મુકીને અસુર ભુમિએ જઈ રહેવાનું કહ્યું.

ઓખા પહેલાં ચિત્રલેખા મહાલી જાદવઘર ભર્યો. પણ ઘર ખાલી. તો આલ ગઈ કે અસુર ભોમે પરવર્યા રે.

અહીંથી શ્રી હરિએ મલેચ્છ કુળમાં ડુબકી મારી દુનિયાને ગોથું દીધું. વંશ પલ્ટો. અટક પલટો કર્યો.

૯૮ શ્રી જન્મેજય :- માતા ચિત્રલેખા કુશકની પુત્રી

દુરવંતિની સાથે પંદર વર્ષે પરણ્યા.

૯૯. શ્રી જન્મ જાખાઃ- અભેવદની પુત્રી વિખસમણીને પરણ્યા. સાતમે વર્ષે કુંવારીકાને ગર્ભ રહેલો તેના સુરીજન થયા.

૧૦૦. શ્રી સુરીજન :- સુરભની પુત્રી મધુરીને પરણ્યા.

૧૦૧. શ્રી શંખનાદ :- રક્તમાનની પુત્રી અતસને પરણી નવમે વર્ષે આલ મુકી.

૧૦૨. શ્રી પ્રતિપાળ :- સુમાનની પુત્રી અતીપરવાહને પરણ્યા.

૧૦૩. શ્રી વસરખદેવ :- સુરતકની પુત્રી વિદુરમાયાને પરણ્યા.

૧૦૪. શ્રી વિદુરસજની :- ઉર્ફે વેદસજની.

૧૦૫. શ્રી વેણી વછરાજા :- દેવરાજાની પુત્રી શોભાને પરણ્યા :- બીજી કુંભકની પુત્રી કુરણાવતી સાથે ગાંધર્વ વિવાહ કર્યા :- મૃગયા રમતા વનમાં ગયા કુરણાવંતી તપ કરતા હતા ત્યાં આલમુકી હસ્તીનાપુર રહેવા ગયા. પહેલાં પંચાલ દેશમાં હતા.

૧૦૬. બુદ્ધ અવતાર ઉર્ફે જગજ્યોતિ :- જગમાલ :

માતા : કરૂણાવતી : રેણુકાવતીઃ પિતા વેણીવછરાજા : શક્તિ : હરસાદેવી : ગોર હંસારાજા : સ્થાનક : હસ્તિનાપુર ક્ષેત્ર : કુરૂક્ષેત્ર :

જન્મ : આસો સુદ ૧૦ શ્રી વામનની માફક જન્મ થયોને પછી મોટા થયા :- દુર્યોધનને સંહાર્યો :-

શ્રી બુદ્ધ પાંડવ ભેગા જમ્યા ત્યારે યજ્ઞ પુરો થયો અ
અંતરિક્ષમાં ઘંટ વાગ્યો. અંતરિક્ષમાં ઘંટારવ થયો
પાંડવોએ બ્રહ્માજીના અવતાર વ્યાસજીને પૂછ્યું નહ
અને બ્રાહ્મણોનું કહ્યું કર્યું એટલો વખત અટવાયા :-

કળીયુગ

વેદ : અથર્વવેદ ઉપવેદ (નાણાં સબંધી)

ભાષા : ગુજરાતી વિષ્ણુનો વેદ :-

૪,૩૨,૦૦૦ વર્ષનો કળિયુગ:

વૈશાખ સુદ ૨ ને શુક્રવારથી કળિયુગ બેઠો. જેથી શુક્રવાર
બીજનું મોટું મહત્ત્વ છે :-

વસ્ત્ર :- સફેદ નુરાની કપડાં

દેવપુજા :- દેવપુજા પશ્ચિમ દિશાએ મુખ રાખી કરવી :-

દાગ :- ભુમીદાગ - સમાધી :

અરબસ્તાનમાં વંશ ગયો : પીરની અટક ચાલી

૧૦૭. પિરશાહી : સદનશાહી : માતાઃ હરસાદેવી એ કાચો
ગર્ભ પ્રસવ્યો અને સીસામાં મુકી જમનામાં મુક્યોઃ તે
પુરા દીવસે અરબસ્તાનમાં ગયો :- બિંદુ નામની સ્ત્રીને
તપના પ્રભાવથી સ્વપ્ન આવ્યું તે સીસો દરિયા
કીનારેથી લાવી સોનાના સિંહાસન પર મુક્યો તે સીસો
ફાટ્યો. તેમાંથી હરિ નિકળ્યા માટે શાહી નામ પડ્યું
પાડ્યું :

ઈમામ બાબતે ખુલાસો :-

આગળના અવતારોમાં ભગવાન હિન્દુવેશમાં હતા. ...થી જે તે જાતિના માટે તે પ્રમાણે નામ-જાતિ ચાલતી. દશ ...વતારે બ્રહ્મા ગુરૂમંત્ર આપતા. તે ગોર કહેવાતા. મલેચ્છ ...ાષામાં ગોરને પીર કહેવાયા :- એટલે પીરની અટક ચાલી :- ... નુર પેગંબર - હ. ઈસા હ. મૂસા - હ. ઈબ્રાહીમ - હ. ...બી સાહેબ આ બધા બ્રહ્માના અવતાર થયા આગળ નવ ...વતારે બ્રહ્માએ વિષ્ણુનો મંત્ર આપી. વિષ્ણુને પુજાવ્યા. હવે ...ળીયુગમાં અવળા ચલણ માટે વિષ્ણુંએ આગળ આવી. ...હ્માને પુજાવ્યા. એટલે બ્રહ્માને પાટે બેસાડ્યા. અને વિષ્ણુ ...ાળે બેઠા :-

૧૨૦૦ × ૪ = ૪૮૦૦ વર્ષ પછી ઈમામ મેંદીનો ...ારો બેઠો. ને ઉપવેદ વિષ્ણુંનો શરૂ થયો.

...૦૮. પીર સુમાન જંગલમાં ફર્યા. બિંદુને આલ આપી.

...૦૯. પીર હુરાન - માથા ઉપર મોરપીંછ બાંધી ફકીર થઈ ફર્યા :

...૧૦. પીર મુલકહાન મલાઈક

...૧૧. પીર કહાન. કરીમ.

...૧૨. પીર કજીયમ હારૂન

...૧૩. પીર ઈસમાઈલ - ઈસ્લામ

...૧૪. પીર કોર કાસમ કલંદર

...૧૫. પીર મોર મોજદીન

...૧૬. પીર આદમ

૧૧૭. પીર નીજાર નિજારૂદ્દીન

૧૧૮. પીર મિજાર - મજાર - મજેદીન

૧૧૯. પીર હુકમુલાણ - હક મહમંદ - કાબાના દેવળ
વહિવટ કરતા હતા.

૧૨૦. હ. અબુતાલબ વલીમુલાતબ ૧૨૦ વર્ષના હતા.

અબુતાલબ

હ. અકીલ	અલીસાહેબ	જાફર તૈયા
મુસ્લીમ કુંફાવાળા	બુદ્ધથી ૧૬માં	
	અવતાર	

પીર હકમુલાણ

અબુતાલબ	અબદુલા	અબુસામ.
હ:અલીસાહેબ	હ. નબીસાહેબ	

બીબીફાતમા

૧૨૧. હ. અલીસાહેબ . મૌલાઅલી - શાહમુરતુજાઅલી
અસાદઅલી. માતા બીબી ઝુલેખાં - પિતા અબુતાલબ.
શક્તિ : બીબી ફાતમા - ગોર: નબી મહંમદ. જન્મ
રજબ તા. ૧૩ શુક્રવાર મક્કામાં વરજાંગ શહેરમ
કાબાદેવળમાં અલીસાહેબ જુદા જુદા નામો જુદા જુદા દેશોમ
બોલાય છે.

(૧) હલઆતાઃ (અરબસ્તાનમાં)	(૨) તેહમીત (જેહામાં)	(૩) બાબલબીબાદ (મક્કામાં)	(૪) ઓલીયા (તુર્કસ્તાનમાં)
(૫) મહેલીઆ (હબસીમાં)	(૬) કૃષ્ણ (હિંદમાં)	(૭) હામીદશા (ફીરંગીમાં)	(૮) અમીરલમોમની (અમીરાત)
(૯) અહદ (આસમાનમાં)	(૧૦) અબુતુરાબ (ખતનમાં)	(૧૧) અભીરબનેહર (ઈરાકમાં)	(૧૨) હૈદર (ખોરાસાનમાં)
(૧૩) અબુદુલાહમીદ (પહેલા અસમાનમાં)	(૧૪) અબદુસમદ (બીજાઆસમાનમાં)	(૧૫) અબદુમજીદ (ત્રીજા આસમાનમાં)	
(૧૬) જુલાઉલા (ચોથા આસમાનમાં)	(૧૭) જકારે (પાંચમા આસમાનમાં)	(૧૮) રબઉલઉલા (છઠ્ઠા આસમાનમાં)	

(૧૯) ઇયાઅલી - ઇયાઅલા - અલાતાલા
(સાતમા આસમાનમાં)

બીબી ફાતમાંના નામો :- બીબી ફાતમન - ફાતમા - ઝોહરા - જહુરા - ફાતમાદેવી - જન્નતખાતુન -

હજરત અલી સાહેબ - દીન અને દુનિયાના ધણી.

રમજાન તા. ૧૭ કુફામાં મસ્જીદમાં જખમી થયા. બફાત રમજાન તા. ૨૧ મસ્જીદમાં મારવાનું કારણ કે બંદગીમાં હોય ત્યારે શરીર રૂ જેવું હતું બાકી વજર જેવું હથીયાર પણ વાગે નહી. ઘરનો પાલક પુત્ર આ વાત જાણતો હતો. અબદુલા રહેમાન ઉર્ફે ઇબલોલ મુરજાન - અલી સાહેબે સવા લાખ રાંજા મારેલા. એ અબ્દુલા રહેમાનને આશિક કરી દારૂ પીવડાવી મરાવ્યા. એ જ અબદુલા રહેમાન અબદુલ રહીમ ખેતા કાકાનો છોકરો રહીમ આગા થઈ બુદરદ્દીન બાવાને નડ્યો. તે સાળો થતો હતો.

૧૨૨. ઈમામ હુસેન - અબાસઅલી.

નબી સાહેબે પોતાનું હૈયું અને સખાવત આપી. જેઠ ગોર નરની કળા ભેગી થઈ. તેથી ઈમામ કહેવાયા. ૨૦ વરસ ગાદી ભોગવી. મોહરમ તા. ૧૦ શુક્રવારે કરબલામાં શહીદ થયા.

રામ અવતારે સીતાજી મૃગ મરીચીમાં મોહ્યાં. તે મરીચ અબ્દુલા જાહેદ થયો. સીતાજી, બીબી જેનબ થયાં.

૧૨૩. ઈમામ જેન અલાઉદીન - જયનુલ, આબેદીન જેનઅલાબદીન.

જન્મ મદીનામાં થયો ૪૦ વરસ કુવામાં બંધનમાં રહ્યા. ૩૩ વરસ ગાદી ભોગવી. કાફરે ઝેર આપ્યું. તા. ૧૨ શુક્રવારે બફાત પામ્યા. મદીનામાં દફન કર્યા.

૧૨૪. ઈમામ મહંમદ બાકર હજરત અમીરલ.

જન્મ મદીનામાં ૨૦ વરસ ગાદી ભોગવી. કાફરે ઝેર દીધું. જેઠ માસ તા. ૧૭ સોમવારે બફાત પામ્યા. મદીનામાં દફન કર્યા.

૧૨૫. ઈમામ જાફર સાદક. ૩૪ વરસ ગાદી ભોગવી.

બેપુત્ર :- બંન્નેની માતા જુદી જુદી.

મુસેકાસમ	ઈમામનુર મહંમદ

રવજી વહોરા – મુસેકાસમને
વળગી પડ્યા – પીર જુદા પડ્યા
પાંચ પાર્ટી અહીંથી શરૂ થઈ.
મુસેકસાઈ –

૧૨૬. ઈમામ નુર મહંમદ :- મુસેકાસમની બીકથી તુર્કસ્તાનમાં જતા રહ્યા. જન્મ્યા પછી માતા મરણ પામી. સાવકી માતાએ બહુ દુઃખ દીધું. પરણ્યા નહીં. ઓરત વેચાતી લઈ આપી. આલ મુકીને ઉઠ્યા. વાત જાફર સાદક જ જાણે. અહીંથી ભુલવણી શરૂ થઈ.

૧૨૭. ઈમામ ઈસમાઈલ જમાલદીન.

જન્મ થયા પછી દાદા જાફર સાદક ઉઠ્યા.

ખોજા અહીંથી જુદા પડ્યા

ઈસ્માઈલી જમાત કહેવાય છે.

ખોજા સિયા પંથી છે.

૧૨૮. ઈમામ મહમંદ સાદીકદીન મીસરમાં રહ્યા.

૧૨૯. ઈમામ અહમદ ૧૫ વર્ષ ભોગવી. મીસરમાં કબર.

૧૩૦. ઈમામ મુસાવર

૧૩૧. ઈમામમનસુર

૧૩૨. ઈમામ ગુલાબદીન

૧૩૩. ઈમામ અબ્દુલ જમાલ

૧૩૪. ઈમામ સાદક

૧૩૫. ઈમામ મહંમદ

૧૩૬. ઈમામ હાદી.

૧૩૭. ઈમામ હાસમ.

૧૩૮. ઈમામ મહંમદ

૧૩૯. ઈમામ અહમદ

૧૪૦. ઈમામ મુસાફર

૧૪૧. ઈમામ મહોબતશાહા

૧૪૨. ઈમામ મોમનસાહા.

૧૪૩. ઈમામ ખુબદીન.

૧૪૪. ઈમામ ઈસ્માઈલ શાહ.

૧૪૫. ઈમામ સાલેહદન

૧૪૬. ઈમામ નુર સતગોર ઈમામ સાલેજી સલાવદીન

નવસારીમાં દરગાહ છે. અહીંથી બીજ પંથની તા કળશપુજાની શરૂઆત કરી. જયસીંહ રાજાને ઉપદેશ આપ્યો સુધાર્યો એટલે સિદ્ધરાજ જયસિંહ નામ પાડ્યું - નકલંકનો જા જપાવ્યો. નવસારી નજીક ધારાનગરીના સુરચંદ રાજાની પુ પાલંદેને પરણ્યા - ઘણા દીવા કર્યા માટે ગણદેવી. નવસ ઉઘલ્યા માટે નવસારી નામ પડ્યું.

પાલણદે સાથે ગંગાબાઈ દાસી સાથે આવેલા. ગુ લણીબીબીમાં આલ મુકી. તેને વહાણમાં ઈરાન મોકલ્યા. ત્ય તબ્રેજ શહેરમાં બાવાજી જનમ્યા. એ વાત પાલણદેબીબી જાણતા. હોવાથી અજાણીબીબી નામ પડ્યું. તે દાંડી આગ હજી આણી બીબીની દરગાહ તરીકે છે. લોહીઆ વહોરા મા છે.

૧૪૭. ઈમામ સમસચોટ :- સમસ તબ્રેજ.

ગુપ્ત આલ દેવાકાકાએ ખોળ્યા. તબ્રેજ શહેરમાં જન્મ થયો. તબ્રેજ કહેવાયા ઈરાનમાં છે. જાપ નકલંકનો બદલીને પીરશાહનો આપ્યો કળશપુજા શરૂ કરી પોપટરૂપે ૨૪ મુલક

.રમોધ્યા. ચીનમાં પોપટરૂપે ધર્મ આપ્યો.

.૪૮. ઈમામ નસીયરદીનઃ નસીરૂદીન.

.૪૯. ઈમામ સાવરદીન.

૧૫૦. ઈમામ સુદરદીન :- બાર કરોડીનું ભરણ લઈ કર્કનગર જતા હતા. માયા સાથે રાખવાનું ના કહેલું પણ પૈસા છાના રાખ્યા તે ગુણકાને અપાવ્યા.

ત્રણ ભક્તો (૧) સિંધમાં :- ત્રીકમરૂષિ (૨) કાશ્મીરમાં તુંલસીદાસ (૩) લાહોરમાં :- શામળદાસ - મંદીર બાંધી ભક્તી કરવાંની શરૂઆત કરી. બફાત :- જેતપુર ગામમાં દરગાહ છે. હિન્દુને સતપંથી કર્યા. સવા કરોડ જ્ઞાન ભાખ્યાં. વિષ્ણુને મળતાં હું પદ આવ્યું માટે લોઢાનો કોટ થયો. એક અંગુઠે ઉભારહી સવામણની ગળામાં લોઢાની સાંકળ પહેરી. છ માસ તપ કરવાથી કોટ ઓગળ્યો.

૧૫૧. ઈમામ કબીરદીન. અનંત કરોડીના વરદાતા . ૩૫૦ વરસની ઉમ્મર - સાત બીબીઓ. ૧૯ ફરજન પંજાબ ભાવલપૂરમાં દરગાહ છે. (હાલ પાકીસ્તાન.)

૧૫૨. ઈમામ ઈન્દ્ર ઈમામશાહા :- ઈમામસાહા અબ્દુલરહીમ. ઈમામદીન.

જન્મ ૧૫૦૧ ઉચ્ચ મુલતાન. સંવત ૧૫૨૪માં હીમપુરનગરી પીરાણાની દરગાહનો પાયો નાંખ્યો. સ્વર્ગમાંથી સોનાની ઈંટ લાવ્યા. તે રોજામાં ઘંટી છે. પાંચ વર્ષની ઉંમરે હાજરબેગ ચંદનવીર સાથે ગુજરાતમાં આવ્યા. મહંમદ બુખારીની પુત્રી બીબી જનત ખાતુનને પરણ્યા - પીરાણાનો રોજો બાંધવાની જગ્યા ગીરમઠાના પટેલોએ ભેટ આપી હતી.

મહેરાજ સ્વર્ગ જોવા ગયા હતા. ચંદનવીર - જબરાઈલ અવતાર સાથે હતા.

ઈમામશાહ ના ચાર પુત્ર

નૂર મહમદશાહ	ખાલકશાહ	બાકરશાહ	બાલેશાહ
ઈમામશાહના રોજાની પશ્ચિમે કબર છે.	પાટણ સરસ્વતી નદીપર રોજો છે.	સરસપુર ચારતોડા અમદાવાદ રોજો છે.	ખંભાત તળાવપર રોજો છે.

ઈમામસાહે લોહાણા રજપુતને જનોઈ ઉતરાવ સવામણ થઈ. પીરાણા સંઘમાં ૧૮૦૦૦ હતા. પહેલ વચનના શેખ બન્યા. કરામતથી પાછા આવ્યા તે મોમન થયા.

હાજરબેગ :- ઉર્ફે ચંદનવીર જબરાઈલનો અવતાર જેની કબર ઈમામશાહ મહારાજની સમાધિના ચોકમ ખુલ્લામાં છે. જે કાયમ ઠંડી રહે છે. એવું વરદાન આપેલું છે તેને સલામ કર્યા પછી બાવાજી ને સલામ થાય.

નાયાકાકા :- ઉર્ફે નસરૂદીન :- શીનોર તાલુકાના કુક્સ ગામના કોળી ભીલ લુંટારા હતા. ભાદરવા સુદ બીજને દીવસે કુક્સ ગામે હાલ દર વર્ષે મેળો ભરાય છે.

ભાભારામ :- મુળ નામ રામજી પટેલ સુખદેવનો અવતાર પેટલાદ તાલુકાના દેવા ગામના હતા.

૧૫૩. ઈમામ નર મહંમદશાહ :- ગોર નર એક થયા. ઉંમર

૪૩ વરસ. ૨૩ વરસ ગાદી ભોગવી. ત્રણ બીબીઓ હતી. મહમદ બેગડાની પુત્રી બુઝર્ગ બેગમ :- દક્ષિણના રબીહી કોમના પોચાકાકા. ભાવનગરીમાં રહેતા. જમાલબાઈ અને પરમાબાઈ એમ બે દીકરીઓને પરણ્યા. પરમાબાઈના સેદખાન મોહમંદ.

પાંચ પાટી.

(૧) મુસેકાજમથી ભુલ્યા તે મુસે કસાઈ.

(૨) ઈમામશાહીથી ભુલ્યા તે ઈમામશાહી કબીરદીન બાવાને વળગી રહ્યા તે.

(૩) નુર સતગોરથી ભુલ્યા તે નુરશાહી.

(૪) સેદખાનથી ભુલ્યા તે.

(૫) કાસમશાહી નુર મહંમદશાહના પુત્રને વળગ્યા તે. કાસમશાહ - સમસચોટબાવાના મોટા પુત્ર હતા. તે મહાવિષ્ણુનો અવતાર હતા. તેમના પુત્ર નુરશાહીને વળગ્યા તે.

ખેતોકાકો :- ખેતો ૧૨૦૦૦ જમાત સાથે રાન્યો. દરીયે દસુદની પેટી મુકેલી તે ૨૭ દિવસ પછી પીરાણા ગંગવાકુવામાંથી કાઢી પણ ખેતો ન માન્યો અને દેહ મેલી.

૧૫૪. ઈમામ સેદખાન :- ઈમામશાહના રોજામાં આગળ જમણી બાજુએ આઠ ખુણીઓ રોજો છે. તેમાં (૧) સેદખાન (૨) સાલેજી (૩) હાસમશાહા :- ત્રણ મુરતની સમાધિ છે.

૧૫૫. ઈમામ સાલેજી : ચીનાબ પટ્ટણમાં જન્મ થયો. ૬૨

વર્ષની ઉંમર ૩૦ વર્ષ ગાદી ભોગવી.

૧૫૬. **ઈમામ હાસમશાહા** :- ઉંમર ૫૭ વરસ. ૩૨ વરસ ગાદી ભોગવી. સેન અખાડો તથા નકલંક ગીત ભાખી. સવારી આવી તે ભાવસારી લોકો એ મહેતલ માંગી તે પરમાબાઈ તલાવડીથી પાછી ગઈ. ઘોડાનો ખોડાટ માગી ને તે દીવસથી કલમો પાછો ગયો.

૧૫૭. **ઈમામ મોટા મહંમદશાહા** :- દુલ્હા મહંમદશાહા દરરોજ નવા કપડાં પહેરતા. સવારી સાથે રાખતા હાથી પણ હતા. રોજ એક સેર તંબાકુ વપરાય તેટલા નોકરો પણ હતા. સાત વરસની ઉંમરે દક્ષિણમાં ગયા. બુરાનપુર રહ્યા. દક્ષિણી પરમોધ્યા. બુહરાનપુરી કહેવાયા. બુહરાનપુરથી ૩ માઈલ દુર તાપી કીનારે બાદલપુરમાં દરગાહ છે.

૧૫૮. **ઈમામ સાજી ઈમામ** :- સાજીમીરાં.

જન્મ સંવત ૧૭૦૬ સાબાન તા. ૨૧/ ઉંમર. ૩૪ ગાદી ૬ વરસ. બફાત ૧૭૪૦ સાબાન તારીખ. ૯.

અમદાવાદ ઝેર પીધું.

સમસચોટ બાવાજીએ આપેલો ''પીરસાહા'' નો જપ બદલીને ''શાહાઅલી''નો જપ જપાવ્યો.

અમદાવાદના સુબા સુજાતખાને ઔરંગઝેબને આડું અવળું સમજાવી. સાજીમીરાંને દીલ્હી જવા હુકમ અપાવ્યો. જમાતને દીલ્હી જઈ બળતી મસાલે બાદશાહ નીમાઝ પડવા શુક્રવારે બપોરના જાય ત્યારે હું જે શબ્દો કહું તે કહેજો તમારો વાળ પણ વાંકો ન થશે. ત્રણ વખત કહેવડાવ્યું છતાં જમાત

ઈ નહીં. એટલે પીર પાછળ રખડતા રહેશો એવો જમાતને ાપ આપી પોતે ઝેર પીધું.

અમદાવાદ જવા નીકળ્યા તે વખતે બાળા મહંમદશાહા ામે આવ્યા. ને વિષ્ણુ તેજ ખેંચી લીધું. જેથી બાળા હંમદશાહ બાવાજીને લઈ ગયા. ગ્વાલીયરના કીલ્લામાં ખ્યા. સાથે શિવદાસ શેઠ પણ રહ્યા હતા.

મતીઆ અને શેખ મળીને ૩૦ હજાર માણસોએ ારૂચનો કીલ્લો જીતી લીધો હતો. પરંતુ ભરૂચ લુંટ્યું જેથી ાવાજીએ શેખને શેખડા કહ્યા. ભરૂચની જાગીર ાજમશાહની હતી. પીરાણામાં જુદો રોજો છે. ગંગવા કુવા રફ જતાં સાતીઆના તાબે છે.

.૫૯. ઈમામ બાળા મહંમદશાહા - મહંમદશાહ સવાઈ શક્તિની અટક લીધી છે.

ચાર વરસની ઉંમરે માતા ગુજરી ગઈ. સાવકી માતા ાજેતારાના ત્રાસથી દક્ષિણમાં ગુલબર્ગમાં જતા રહ્યા. ત્યાંથી ાવી પાંચીઆ તથા ઈમામશાહ વાળાએ દફન કરવા ન દીધા. ાછી કોટ તોડી ઉગમણે દફન કર્યા:- રાજેતારાને બધું તાબે તું. રોજના પાંચ રૂપીઆ ખરચના આપતા. રીસાઈને ીવદાસકાકા સાથે જતા રહ્યા. અમદાવાદ સવાઈબાઈનો ભેટો ાયો. અને આલ આપી શીવદાસકાકાને ગુપ્ત રાખવા કહ્યું. ોળતા આવે ત્યારે બતાવજો. ગીતા મંદીર આગળ મજુરોની જગ્યા કંગાલપુરી માજીને લાવ્યા ૪૦ દીવસે સાજીબાવા જન્મ્યા. માતાજી ઉઠી ગયા. સીંધીને ત્યાં ધવરાવવા મુક્યા ાછી શક્તિની અટક લીધી. સાજી સવાઈ-શાહજી સવાઈ

૧૬૦. ઈમામ સાહાજી સવાઈ : શંભુ સવાઈ : ફાજલશાહા સોદાગર સવાઈ

જન્મ સંવત ૧૭૫૪. રબીઅલ. અવલશાહા તા. ૩૦ ગાદી ૫૯ વરસ ૯ માસ ભોગવી. પાવાગઢમાં રોજો છે.

અહીંથી જમાત ના ત્રણ ભાગ પડ્યા.

(૧) આઠ આગેવાન :- બાળા મહંમદશાહના પુત્ર સાહજી સવાઈને માન્યા. તે આઠીઆ કહેવાયા અષ્ટ સિદ્ધિના માલીક:

(૨) સાત આગેવાન બાળા મહંમદશાહને માન્યા તે સાતીયા કહેવાયા આગળ શોધ કરી નહી.

(૩) પાંચ આગેવાન : રબારી કોમના હતા. તે સાજીમીરાંની બીજી બેગમ રાજેતારાને વળગ્યાં. તે પાંચીયા કહેવાયા પાંચીયા પાસે કોઈ મુરતની દરગાહ નથી. ઢોલીયો છે.

હાલની પુજા શરૂ કરાવી ચાર ભાગ પુરાવ્યા.

જમાત બે વિભાગમાં છે. આઠીઆ શેખ અને આઠીઆ ગુપ્તી સતપંથી ધરમી થયા. આઠીઆ સતપંથની શરૂઆત સાહાજી બાવાએ કરી આઠીઆનો ઈલકાબ આપ્યો.

૧૬૧. ઈમામ સરીફ સવાઈ : સમશેર નિરંજન - હરીફનિરંજન - નટવરનાથ.

માતા સરીફામાજી માતાના નામ ઉપરથી સરીફ સવાઈ નામ પાડ્યું. જન્મ ૧૭૮૬ ઉંમર ૬૫ વરસ. ૩૮ વરસ ગાદી ભોગવી - પાલી સેવાલીયા મહી નદીના કીનારે કબ્રસ્તાનમાં

દફન કર્યા. ત્યાં રોજો બાંધેલો છે. ત્યાંથી સાત વરસ બાદ સંદુક પીરાણા લાવ્યા. મોતીરામ ભવૈયાનું ખેતર રાખી દફન કર્યા. અને રોજો બાંધ્યો છે. સતપંથી આઠીઆના તાબામાં છે.

૧૬૨. ઈમામ બુદરદીન સવાઈ :- બદરૂદીન : બાપુજી :

બડાસાહેબ :- ઈમામદીન :

બુદરદીન :- વિષ્ણુની કળા

બડા સાહેબ :- શિવની કળા

બાપુજી : બ્રહ્માની કળા ત્રણેવ કળા ભેગી થઈ:

જન્મ : ૧૮૩૧ ચૈત્ર સુદ ચોથ સંવત ૧૮૮૧ મહાવદ ૭ બુધવાર. રજબમાસ તા. ૨૧ ના. રોજ મહેરાજ ગયા હતા.

ઈમામ બુદરદીન સવાઈએ

મોહરમની કથા કથી જમાતને લાભ આપ્યો. ઉંમર ૫૩ વરસ. ૩૩ વરસ ગાદી ભોગવી. સંવત ૧૮૫૦માં જમાતે પાવાગઢ મુકામે પાઘડી બંધાવી. શુક્રવારનું વ્રત શરૂ કરાવ્યું-રજબ માસ શરૂ કરાવ્યો. સંવત ૧૮૫૭માં ચરણામૃત ઉતર્યું તે બુદરદીનબાવા અને બાકરઅલી બાવા જ જાણે ફરી ૧૮૮૨માં ચરણામૃત આવેલ છે. બકરીઈદનું મહાત્તમ આપ્યું દસદનનો છલ્લો મોહરમમાં કરવાનું મહત્ત્વ કહ્યું:

૧૬૩. ઈમામ બાકરશાહા સવાઈ :- બાકરઅલી :- દુલ્હાબાકરશાહા. દાદા બાકરશાહા.

જન્મ ૧૮૫૦ ખંભાતમાં થયો. ૪૮ વરસની ઉંમર. ૧૫ વરસ ગાદી ભોગવી - સંવત ૧૮૯૮ માગસર સુદ પાંચમ શુક્રવારે અમદાવાદ વાડીના બંગલામાં ઉઠ્યા હતા.

સંવત ૧૮૮૩ ફાગણ સુદ ૭ સોમવારે જમાતે પાઘડી બંધાવી- ત્રણ બીબીઓ હતી.

(૧) દુલમ બેગમ :- બાપુ સાહેબનાં માજી

(૨) માણેકમાજી બ્રાહ્મણની પુત્રી હતી બાળકશાહા બાવાનાં માજી

(૩) આરસ બેગમ : ફરજંદ નથી.

મોહરમની કથા દસ દનનો છલ્લો - ઈદ અમલ કરાવી લાભ સમજાવ્યા નવો જાપ "અલી અલા ફજલ કરો" નવો જાપ આપ્યો ઉપરાંત છ વખતની માળા ફરમાવી "કરીમા કરીમનો જાપ" "અબાસઅલી" નો જાપ ફેરવ્યો. આઠીઆની ઉમેદ પુરી કરાવેશે. ચરણામૃત ઉતર્યું તે આપ્યું. શાસ્ત્રો રચ્યાં. છલ્લા કરાવ્યા. વિધી સમજાવી. મહાદન બક્ષ્યા. ચૈત્ર માસ અને દીવાળીના યજ્ઞો કરાવ્યા. અને મહાત્તમ સમજાવ્યાં.

૧૬૪. ઈમામ બાળકશાહા સવાઈ :- બાળીમુરત - નાનાબાવા

શ્રી નિષ્કલંકી નારાયણ

જન્મ ૧૮૯૮ના જેઠ વદ ૧૨ મંગળવાર જરોદ બેચરભાઈ ગીરધરભાઈના મકાનમાં થયો. માતાઃ- માણેકમાજી : પિતા : બાકરશાબાવા અવલ સૈયદ. માતા બ્રાહ્મણ વિપ્ર તેના તન પ્રગટે સુખ થાય.

— છેલ્લો અવતાર ચોવિસ મુલક પરમોધ્યાઃ

ધરમી બોલ્યા - બાવાજીના પેટના નથી. જેથી જરોદને શ્રાપ આપ્યો.

"વજર છાયા જરોદ ભુમિએ બેઠારેઃ"

નરનું (નારી) રૂપ થઈ પરદે થઈ ગયા :- અગમવાણી ભાખી શાસ્ત્રો લખ્યાં જાપ દરૂદ, નાદેઅલીના છલ્લા કરાવ્યા, આઠીઆને ઘણી શીખામણ શાસ્ત્ર રૂપે આપી. દયાળજી કાકાના ખોળામાં રહીને શાસ્ત્ર રચ્યાં. સરવે સત્તા દયાળજી કાકાને સોંપી પડદે થયા છે.

હરીવંશ અહી સંપુર્ણ થાય છે.

પરમપુજ્ય દયાળજી કાકા વિષે માહિતી

પરમપૂજ્ય દયાળજી કાકાએ પુજ્ય બુદરદીન બાવાના વખતથી કાકા તરીકે ગાદી ઉપર હતા. અને બધું જ કામ પોતે કરતા પરંતુ પરમપૂજ્ય બાકરશાહા બાવાજીએ સંવત ૧૮૯૮માં પોતાની હયાતીમાં અમદાવાદની અંદર ફુલ મંડળી ભરીને જમાતને બોલાવીને પોતે પરમ પૂજ્ય બાકરશાહા બાવાએ પૂજ્ય દયાળજીકાકાને ગાદી ઉપર બેસાડી બધો જ વહીવટ આપી દીધો અને કહ્યું કે હવે તમે જે કહેશો તે થશે, ત્યારથી ગાદી ઉપર આવ્યા એટલે ૧૮૯૮ થી ૧૯૦૩ સુધી કામ કર્યું છે. પરંતુ તે પરમપુજ્ય શરીફબાવાજી વખતથી પૂજ્ય અમઈદાસ કાકા હતા. તે બુદરદીન બાવા સુધી, પછીથી દયાળજી કાકા પરમપૂજ્ય બુદરદીન બાવા વખતથી કામ કરતા તેવી જ રીતે પરમપૂજ્ય બાકરશાહા બાવાએ પછીથી પોતાની રૂબરૂ જ બધા કામની વ્યવસ્થા પરમપૂજ્ય દયાળજી કાકાને સોંપણી કરી છે.

પરમપૂજ્ય દયાળજી કાકાને પહેલી કલમના કાકા ગણ્યા છે. કારણ કે એક વખત બાવાજીએ સૃષ્ટિની રચના કરવાનો વિચાર કર્યો તે વખતે લખતાં લખતાં કલમમાં કચરૂ ભરાવાથી

કલમ અટકી ગઈ. તે વખતે બાવાજીને કલમ સાફ કરવાની ઈચ્છા મનમાં થઈ. ત્યાં બધા કાકાઓ, માણસો ભેગા મળીને બેઠા હતા. ત્યાં પરમપૂજ્ય દયાળજી કાકા પૂજ્ય બાવાજીની ઈચ્છા જાણી ગયા. એટલે પોતાની જીભ કલમ સાફ કરવા માટે ધરી, પૂજ્ય બાવાજીએ તેમની જીભે કલમસાફ કરી, જેથી પૂજ્ય બાવાજીએ પોતાની ઈચ્છા સમજી જનારને મહાનભક્ત ગણ્યા. અને તેમને મનવાંચ્છિત સિદ્ધી આપી. અને તેઓ કહે તે થઈ શકતું તે તેમનો મોરતબો (દરજ્જો) વધારી દીધો.

પરમપૂજ્ય બાકરશાહા બાવાએ પોતાની રૂબરૂમાં ૧૮૯૮માં જ્યારે સ્વર્ગવાસી થવાના હતા ત્યારે બધી જ કીલી પરમપૂજ્ય દયાળજી કાકાને આપી અને કુટુંબ કબીલો જમાત સોંપી. તેમજ આદ્યશક્તિ માણેકમાજીને પેટે શ્રી આલવિષ્ણુ પરમપુજ્ય બાળકશાહાબાવાનો જન્મ થવાનો હતો. તે પછી તેમની દેખભાળ અને રક્ષણની સોંપણી કરી તે સંવત ૧૮૯૮ના જેઠ વદ ૧૨ ને મંગળવારના રોજ પરમપુજ્ય બાળકશાહા બાવાનો જન્મ જરોદ મુકામે બેચરભાઈ ગીરધરભાઈના ઘરમાં થયો તે વખતે પૂજ્ય દયાળજી કાકા વડોદરા હતા. જેથી વડોદરાથી જરોદ આવ્યા અને ધરમી ભાઈઓને કહ્યું કે આલવિષ્ણુ ભગવાનનો જન્મ થયો છે. તે વખતે ધરમીભાઈઓએ બાવાજીને ફાજલીયા કહ્યા ,કે તે પરમપુજ્ય બાકરશાહા બાવાના પેટના નથી. જેથી બાવાજીને તો કામમાં કામ કરવાનું હોય છે. તેથી પુજ્ય દયાળજી કાકાને દર્શન આપીને નરનું નારી રૂપ બતાવ્યું અને તે નારીનું રૂપ પીરાણા રોજામાં દફન કરેલ છે. અને પોતે પડદે રહ્યા છે. અને

પૂજ્ય દયાળજી કાકાની પાસે ૬ વરસ રહી પોતે બે જણ જાણે (૧) બાળીમુરતદાદા ને પૂજ્ય દયાળજીકાકા. તે જેમ પૂજ્ય નબી સાહેબના વખતમાં જબરાઈલ આવતા. તે પુજ્ય નબીસાહેબ અને જબરાઈલ વાતો કરતા. તેમની પાસે બીજા બેઠા હોય તે પણ જાણતા નહી. પછી પુજ્ય નબી સાહેબ પોતે જાણ કરતા. તેવી જ રીતે પુજ્ય કાકા દયાળજીની ગોદમાં રહીને પોતે પરમપુજ્ય બાળકશાહા બાવાએ (૨૪૨) જ્ઞાન કથ્યાં છે. તે પુજ્ય દયાળજીકાકા એ ધર્મીઓને માટે જણાવ્યું અને પોતે મુલકમાં ગયા ત્યાં લોકોને ધર્મી કરી ધર્મ પરમોધ્યો ને ચોવીસ મુલકની વાત હકીકત જણાવી પછીથી પરમપુજ્ય દયાળજી કાકાએ ૧૯૦૩ સુધી ગાદી ભોગવી. સવાલ માસની પહેલી તારીખે સ્વર્ગવાસી થયા. જેથી તે દિવસે સંવતસરી (સંદલ)ની ક્રીયા થાય છે. તે દિવસે નવો ગલેફ ચંદન ક્રીયા કરી ઉત્સવ ઉજવાય છે. અને પૂજ્ય દયાળજીકાકાની બાધા રાખવાથી દરેકનું કામ થાય છે. જેથી દરેક ધર્મીઓ પહેલાં પૂજ્ય દયાળજી કાકાની પાસે મહેર દુઆ માગી કામો કરે છે.

-: ચાર યુગના વરસ અને વ્રત :-

૧. સતયુગ.	૧૭,૨૮,૦૦૦ વર્ષ,	અગીયારસ, રવીવાર, માગસર સુદ ૧૧.
૨. ત્રહેતાયુગ	૧૨,૯૬,૦૦૦ વર્ષ,	ચૌદશ, મંગળવાર - મહા સુદ. ૧૪.
૩. દ્વાપરયુગ	૮,૬૪,૦૦૦ વર્ષ,	અમાસ સોમવાર - માગસર વદ અમાસ
૪. કળીયુગ.	૪,૩૨,૦૦૦ વર્ષ,	બીજ, શુક્રવાર. વૈશાખસુદ બીજ.

૧૦૮ મણકાની માળાની સમજ

૧૭ અવતાર કરણમાં

૧૦ અવતાર કલફમાં

૧૩ અવતાર આગળ ધંધુકારથી

૨૫ અવતાર સતયુગના

૨૫ અવતાર ત્રેતાજુગના

૧૭ અવતાર દ્વાપર જુગના

૧ બુદ્ધા અવતાર

૧૦૮ અવતાર કુલ મળી થયા. તેની માળા થઈ છે. તે બુદ્ધા અવતાર સુધીની.

૩૭ મણકાની માળાની સમજ.

૧૭ અવતાર વિષ્ણું ભગવાનના કરણમાં

૧૦ અવતાર વિષ્ણું ભગવાનના કલફમાં

૪ અવતાર વિષ્ણું ભગવાનના સતયુગમાં, કર્તાયુગમાં.

૩ અવતાર વિષ્ણું ભગવાનના ત્રહેતાયુગમાં

૨ અવતાર વિષ્ણું ભગવાનના દ્વાપરયુગમાં

૧ અવતાર વિષ્ણુ ભગવાનનો કળીયુગમાં.

૩૭ અવતાર કુલ થયા, જેથી નિષ્કલંકી ભગવાનના વારામાં ૩૭ મણકાની માળા તથા દેવસેવામાં સાડત્રીસ દાણાની મુર્તિ બનાવાય છે.

ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય નમઃ

બોલો શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનની જયઃ



પરમ પૂજ્ય શ્રી

કાળીદાસભાઈ શંકરભાઈ (ધર્મગુરુ)

(૨૪ વર્ષ ગાદીપતિ)



પરમ પૂજ્ય શ્રી

લખાભાઈ કાળીદાસભાઈ (ધર્મગુરુ)

(૯ વર્ષ ગાદીપતિ)



પરમ પૂજ્ય શ્રી

હરગોવિંદદાસ લખાભાઈ (ધર્મગુરુ)


(૨૬ વર્ષ ગાદીપતિ)



પરમ પૂજ્ય શ્રી

નગીનદાસ હરગોવિંદદાસ (ધર્મગુરુ)

(૧૩ વર્ષ ગાદીપતિ)



પરમ પૂજ્ય શ્રી

ગોરધનભાઈ નગીનદાસ (ધર્મગુરુ)

(તા. ૧૧-૬-૯૧ થી ગાદીપતિ)

બે બોલ

શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનની અસીમ કૃપાથી અને સર્વે ધરમી ભાઈઓના સાથ સહકારથી મુખ્ય ધામ પીરાણા ક્ષેત્રે સમાધિસ્થળ ઉપર જીર્ણોદ્ધાર અને નૂતન આવાસનું કામ પૂર્ણ થવાના આરે છે.

આ ઉપરાંત પૌરાણિક છબીઓ અને ચિત્રોનું સુંદર અને કલાત્મક રીતે સંસ્કરણ કરી નવીન દર્શનીય મ્યુઝીયમ પણ ટુંક સમયમાં આકાર લેશે.

પૂ. કાકા સાહેબ ગોરધનભાઈ નગીનદાસના સૌહાર્દપૂર્ણ કુશળ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ કમીટી અને ટ્રસ્ટના તમામ ટ્રસ્ટીઓના ઉમદા સહકારથી સર્વ કાર્યો સરળતા અને સહજતાથી સફળતાપૂર્વક થઈ રહ્યા છે તે પણ આનંદની વાત છે.

આશા છે હજુ પણ આ સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરી લોક કલ્યાણના કાર્યમાં અગ્રેસર બની રહેશે.

આભાર અસ્તુ.

પીરાણા

પ્રવિણચંદ્ર એચ. પટેલ
મેનેજીંગ ટ્રસ્ટી